# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 03-04-2025** **MIDDAY: 1.20 TO 1.30**
**Day: THURSDAY** **National News**

આકાશવાણી સમાચાર સોનલ પરમાર વાંચે છે.

***************************************************

1) રાજ્યસભામાં વક્ફ સુધારા વિધેયક 2025 રજુ કરવામાં આવ્યું

2) વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકરે આજે બિમ્સ્ટેકના સભ્ય દેશોને વધુ મહત્વાકાંક્ષી અભિગમ અપનાવવા અપીલ કરી.

3) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજથી બે દિવસના થાઈલૅન્ડ પ્રવાસે બેંગકોક પહોંચ્યા

4) સૌરાષ્ટ્ર અને કચ્છમાં આગામી સાત દિવસ તીવ્ર ગરમીની આગાહી.

5) IPLમાં સનરાઈઝર્સ હૈદરાબાદ અને કોલકાતા નાઈટ રાઈડર્સ વચ્ચે મુકાબલો.

.........................................................................

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# RS WAQF

કેન્દ્રીય લઘુમતી બાબતોના મંત્રી કિરેન રિજિજુએ રાજ્યસભામાં વક્ફ સુધારા વિધેયક 2025 રજૂ કર્યું છે. જેનાં પર હાલ ચર્ચા ચાલુ છે. વિધેયક રજૂ કરતા શ્રી રિજિજુએ જણાવ્યું કે, વક્ફ બિલ માટે એક કરોડ સૂચનો આવ્યા હતા. ઉલ્લેખનીય છે કે,ગત રાત્રે લોકસભામાં અંદાજે 12 કલાકની ચર્ચા બાદ આ બિલ પસાર કરાયું હતું.

વક્ફ સુધારા વિધેયકનો ઉદ્દેશ વારસાગત સ્થળોની સુરક્ષા અને સામાજિક કલ્યાણને પ્રોત્સાહન આપવાની જોગવાઈઓ સાથે વક્ફ મિલકતોના વ્યવસ્થાપનને સુવ્યવસ્થિત કરવાનો છે. આ કાયદાનો ઉદ્દેશ મિલકત વ્યવસ્થાપનમાં પારદર્શકતા વધારી વક્ફ બૉર્ડ અને સ્થાનિક અધિકારીઓ વચ્ચે સંકલનને સુવ્યવસ્થિત કરીને અને હિતધારકોના અધિકારોનું રક્ષણ કરીને શાસનમાં સુધારો કરવાનો પણ છે.

. . . . . . . . . . . . . . . .

# JAISHANKAR BIMSTEC

વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકરે આજે બિમ્સ્ટેકના સભ્ય દેશોને આગ્રહ કર્યો કે, વર્તમાન વૈશ્વિક વ્યવસ્થામાં અનિશ્ચિતતા અને અસ્થિરતાને જોતા સંગઠન પ્રત્યે વધુ મહત્વાકાંક્ષી દ્રષ્ટિકોણ અપનાવે. થાઈલૅન્ડના બેંગકોકમાં 20મી બિમ્સટૅક મંત્રીસ્તરની બેઠકને સંબોધતા શ્રી જયશંકરે કહ્યું, નવી વ્યવસ્થા ખાસ કરીને મોટા ભાગના પ્રાદેશિક અને એજન્ડા વિશિષ્ટ છે. શ્રી જયશંકરે એ વાત પર પણ પ્રકાશ પાડ્યો કે, બિમ્સટૅક ભારતની એક્ટ ઇસ્ટ નીતિ, પાડોશી પ્રથમ દ્રષ્ટિકોણ અને મહાસાગર દ્રષ્ટિકોણ એમ ત્રણ મહત્વની પહેલનું એક સંયોજન છે. આ સાથે જ આ દેશની ભારત પ્રશાંત પ્રતિબદ્ધતાનો માર્ગ પણ છે.

તેમણે સભ્યોને પાવરગ્રીડ જોડાણ, ડિજિટલ માળખાગત સુવિધાઓ, વ્યવસાયિક પ્રવૃત્તિઓ, દરિયાઈ અને જમીન પરિવહન, બ્લ્યૂ ઇકોનૉમી અને આરોગ્ય, ખાદ્ય અને ઊર્જા સલામતી જેવા સૌથી અગ્રણી એકીકરણ પર તેમની ઊર્જા કેન્દ્રિત કરવા જણાવ્યું. શ્રી જયશંકરે કહ્યું, ભવિષ્ય તરફ જોતા ટેક્નોલૉજી, સ્ટાર્ટ-અપ્સ અને નવીનતાઓ વધુ મહત્વની ભૂમિકા ભજવશે. ડૉ. જયશંકરે પ્રવાસનને એક અન્ય સંભવિત ક્ષેત્ર તરીકે પ્રોત્સાહિત કર્યું અને એ વાત વર પ્રકાશ પાડ્યો કે, બિમ્સટૅક દેશોમાં સૌથી વધુ સંખ્યામાં પ્રવાસીઓ આવનારા લોકોમાં ભારતીયો પણ છે.

શ્રી જયશંકરે સભ્યોને સાયબર સુરક્ષા, આતંકવાદ વિરોધી, માનવ તસ્કરી, ગેરકાયદે માદક પદાર્થના વેપાર અને અન્ય સંબંધિત પ્રવૃત્તિઓની ગંભીરતાને સંબોધિત કરવા અને તેનો અસરકારક રીતે સામનો કરવાની જરૂરી રૂપરેખા બનાવવા પણ કહ્યું.

. . . . . . . . . . . . . . . .

# PM THAILAND TOUR

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજથી બે દિવસના થાઈલેન્ડ પ્રવાસે બેન્કોક પહોંચ્યા છે. શ્રી મોદી છઠ્ઠા બિમ્સટેક શિખર સંમેલનમાં ભાગ લેવા થાઈલેન્ડ પહોંચ્યા છે. થાઈલેન્ડના નાયબ પ્રધાનમંત્રી અને પરિવહન મંત્રી સૂર્યા જુન્ગરૂંગ-રેન્ગકિટે હવાઈમથક પર તેમનું સ્વાગત કર્યું હતું. વર્ષ 2016 અને 2019 બાદ પ્રધાનમંત્રી મોદીનો ત્રીજો થાઈલેન્ડ પ્રવાસ છે.

થાઈલેન્ડ પહોંચતાં શ્રી મોદીએ સોશિયલ મીડિયા સંદેશમાં કહ્યું, તેઓ સત્તાવાર સંવાદમાં ભાગ લેવા તથા ભારત અને થાઈલેન્ડ વચ્ચે સહકાર મજબૂત કરવા ઈચ્છુક છે.

પ્રધાનમંત્રી મોદી આજે સાંજે થાઈલેન્ડનાં પ્રધાનમંત્રી પિટોંગટર્ન છિનાવાત્રા સાથે દ્વિપક્ષી સંવાદ કરશે. તેઓ પરસ્પર સંબંધોના તમામ તબક્કાના વિકાસની સમીક્ષા કરશે. આ સાથે જ દ્વિપક્ષી ભાગીદારીને ગતિ આપવા અને પ્રાદેશિક તથા બહુપક્ષીય મુદ્દાઓ પર ચર્ચા કરશે. તેઓ

વિવિધ દ્વિપક્ષી દસ્તાવેજ પર હસ્તાક્ષર દરમિયાન ઉપસ્થિત રહેશે. આ વખતે બિમ્સટૅક શિખર સંમેલનની વિષયવસ્તુ બિમ્સટૅક- સમૃદ્ધ, સ્થિતિસ્થાપક અને ખૂલ્લું છે. સંમેલનમાં બેન્કૉક દ્રષ્ટિકોણ 2030ને અપનાવવામાં આવશે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના થાઈલૅન્ડના નરેશ અને રાણીને પણ મળે તેવી શક્યતા છે.

. . . . . . . . . . . . . . .

## BANGLADESH BIMSTEC

બાંગ્લાદેશની વચગાળાની સરકારના મુખ્ય સલાહકાર પ્રૉફેસર મોહમ્મદ યુનિસ થાઈલૅન્ડમાં આયોજિત બિમ્સટૅક શિખર સંમેલનમાં ભાગ લેશે. દરમિયાન તેઓ સંમેલનને સંબોધિત કરશે અને બિમ્સટૅકના સભ્ય દેશોના નેતાઓ સાથે દ્વિપક્ષી સંવાદ કરશે. બિમ્સટૅકની અધ્યક્ષતા આવતીકાલે સત્તાવાર રીતે બાંગ્લાદેશના મુખ્ય સલાહકારને સોંપવામાં આવશે.

. . . . . . . . . . . . . . .

## MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ

સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફૉલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . . . .

## CHAITRI –NAVRATRI

**નવરાત્રિના છઠ્ઠા નોરતે માતા કાત્યાયનીની ઉપાસનાનો મહિમા છે. માતા કાત્યાયનીની પૂજાથી સંતાપ, ભય, રોગ અને શોકનો નાશ થાય છે. દેવી સાધકને મોક્ષ તરફ લઈ જાય છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ તેમના એક્સ હેન્ડલ પર અનુરાધા પૌડવાલનું ભજન શેર કર્યું હતું અને લખ્યું હતું કે માતા દુર્ગાના આશીર્વાદ ભક્તોના જીવનમાં નવી ઉર્જા અને નવો સંકલ્પ લાવે છે.**

. . . . . . . . . . . . . . .

## SC- WB TEACHERS

સર્વોચ્ચ અદાલતે પશ્ચિમ બંગાળની શાળાઓમાં 25 હજારથી વધુ શિક્ષકો અને અન્ય કર્મચારીઓની નિમણૂકને અમાન્ય ઠેરવતા કલકત્તા વડી અદાલતના ચુકાદાને યથાવત રાખ્યો. સર્વોચ્ચ અદાલતે જણાવ્યું હતું કે સમગ્ર પસંદગી પ્રક્રિયામાં છેડછાડ થઈ છે જેનાથી તેની વિશ્વસનીયતા અને કાયદેસરતા પર અસર પડી છે.

સર્વોચ્ચ અદાલતના ન્યાયમૂર્તિ સંજીવ ખન્ના અને ન્યાયાધીશ સંજય કુમારની ખંડપીઠે કહ્યું, પશ્ચિમ બંગાળની શાળાઓમાં નવી પસંદગી પ્રક્રિયા ત્રણ મહિનામાં પૂર્ણ થવી જોઈએ. અદાલતે માનવતાવાદી ધોરણે દિવ્યાંગ કર્મચારીઓ માટે છૂટ આપી હતી અને કહ્યું હતું કે તેઓ નોકરીમાં રહેશે.

ભરતી વિવાદમાં કેન્દ્રીય તપાસ સંસ્થાની તપાસના કલકત્તા વડી અદાલતના આદેશને પડકારતી અરજી પર આવતીકાલે સુનાવણી થશે.

. . . . . . . . . . . . . . . .

## WEATHER

હવામાન વિભાગે આગામી સાત દિવસ દરમિયાન સૌરાસ્ટ્ર અને કચ્છમાં અતિશય લૂ લાગે તેવી તીવ્ર ગરમીની આગાહી કરી છે. દરમિયાન પશ્ચિમ અને ઉત્તર ભારતમાં મહત્તમ તાપમાન ત્રણથી પાંચ ડિગ્રી સુધી વધી શકે છે.

આગામી ચાર દીવસમાં ભારત અને દક્ષિણના કેટલાક ભાગમાં તોફાન સાથે મુશળધાર વરસાદની આગાહી પણ છે. આ વચ્ચે તમિલનાડુ, પુડુચેરી, કેરળમાં આજે અતિશય ભારે વરસાદ થવાની સંભાવના છે. ઓડિશા, મહારાષ્ટ્ર  પશ્ચિમ બંગાળ અને ઝારખંડમાં આગામી બે કે ત્રણ દિવસમાં 50 કિલોમીટરની ઝડપે પવન ફૂંકાવાની સાથે હળવો વરસાદની આશંકા છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

## IPL

ઈન્ડિયન પ્રિમિયર લીગ-IPLમાં આજે સનરાઇઝર્સ હૈદરાબાદ અને કોલકાતા નાઈટ રાઇડર્સ વચ્ચે મેચ રમાશે. કોલકાતાના ઇડન ગાર્ડન્સ ખાતે સાંજે સાડા સાત વાગે મેચ શરૂ થશે.

બેંગલુરુના એમ. ચિન્નાસ્વામી સ્ટેડિયમ ખાતે ગઈકાલે રમાયેલી ગુજરાત ટાઇટન્સે રોયલ ચેલેન્જર્સ બેંગ્લુરુને 8 વિકેટે પરાજય આપ્યો. ગુજરાત ટાઇટન્સે 17 ઓવર અને પાંચ બોલમાં બે વિકેટ ગુમાવીને 170 રનનો લક્ષ્યાંક સરળતાથી પ્રાપ્ત કર્યો. ગુજરાત ટાઇટન્સ માટે જોસ બટલરે 39 બોલમાં 73 રન બનાવ્યા

આ પહેલા રોયલ ચેલેન્જર્સ બેંગ્લુરુ-એ નિર્ધારિત 20 ઓવરમાં 8 વિકેટે 169 રન બનાવ્યા હતા. ગુજરાત ટાઇટન્સ તરફથી મોહમ્મદ સિરાજે સૌથી વધુ 3 વિકેટ લેતા તેમણે ને પ્લેયર ઓફ ધ મેચ જાહેર કરાયાં હતાં.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

## **ISSF** WORLD CUP

આર્જેન્ટિનાના બ્યુનોસ એર્સમાં ISSF વિશ્વકપ 2025નો આજથી પ્રારંભ થશે. આ સ્પર્ધામાં બે વખતનાં ઑલિમ્પિક ચંદ્રક વિજેતાં મનુ ભાકર 43 સભ્યોની ભારતીય શૂટિંગ ટુકડીનું નેતૃત્વ કરશે. ખેલાડીઓ શૂટર્સ રાઇફલ, પિસ્તોલ અને શોટગન સ્પર્ધાઓમાં ભાગ લેશે.

વર્ષના પ્રથમ ISSF વિશ્વકપ સ્પર્ધામાં 45 દેશના 400થી વધુ શૂટર્સ ભાગ લેશે. 43 શૂટર્સ સાથે, ભારત આ સ્પર્ધામાં સૌથી મોટી ટીમ સાથે મેદાનમાં ઉતરશે. જ્યારે ચીન 39 ખેલાડીઓ સાથે આવશે. આ ઉપરાંત યજમાન આર્જેન્ટિના 38 શૂટર્સ સાથે ત્રીજા ક્રમે આવે છે, ત્યારબાદ કઝાખસ્તાનનાં 29 ખેલાડીઓની ટીમ ભાગ લઈ રહી છે.

ભારત માટે, મનુ ભાકર પિસ્તોલ ઇવેન્ટમાં ભાગ લેશે. જ્યારે સૌરભ ચૌધરી પુરુષોની પિસ્તોલ ટીમનો ભાગ છે. અનીશ ભાનવાલા, વિજયવીર સિદ્ધુ, એશા સિંઘ, ઐશ્વરી પ્રતાપ સિંહ તોમર, સિફ્ટ કૌર સમરા, અર્જુન

બબુતા, પૃથ્વીરાજ તોંડૈમન, અનંતજીત સિંહ નારુકા અને રાયઝા ધિલ્લોન અન્ય પેરિસ 2024 ઓલિમ્પિયન છે, જેઓ બ્યુનોસ એરેસમાં જોવા મળશે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# SBI - KISAN LOAN

સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા અને સિટીએ ભારતમાં નાના ખેડૂતો માટે $295 મિલિયન ડોલર સામાજિક ધિરાણ સુવિધાની જાહેરાત કરી.

બેંકોએ એક નિવેદનમાં જણાવ્યું હતું કે, આ ધિરાણ ખાસ કરીને ભારતના નાના ખેડૂતોને તેમની કૃષિ ઉત્પાદકતામાં સુધારો કરવા અને આર્થિક રીતે મજબૂત બનવામાં મદદ કરવા માટે છે.

SBIના ડેપ્યુટી મેનેજિંગ ડિરેક્ટર જયતિ બંસલે જણાવ્યું હતું કે અમારા વ્યાપક નેટવર્કનો ઉપયોગ કરીને, અમે નાના અને સીમાંત ખેડૂતો સુધી પહોંચવાનો ધ્યેય રાખીએ છીએ જેઓ ભારતના કૃષિ ક્ષેત્રનો મુખ્ય ભાગ છે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે, "આ પહેલ ખેડૂતોને ધિરાણની સુલભતા વધારશે અને સશક્ત બનાવશે, તેમને ઉત્પાદકતામાં સુધારો કરવામાં અને ટકાઉ આજીવિકા બનાવવામાં મદદ કરશે.

. . . . . . . . . . . . . . .